પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૧૭, રવિવાર ; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### શિખર ધવન અને રાહુલની જોડીએ વિક્રમ તોડ્યો

શ્રીલંકા સામે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાના ઓપનીંગ બેટ્સમેન લોકેશ રાહુલ અને શિખર ધવને શાનદાર બેટીંગ પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ વિકેટ માટે ૧૮૮ રન જોડ્યા હતા. આ બંનેએ પ્રથમ વિકેટ માટે સિદ્ધુ અને પ્રભાકરના ૧૭૧ રનની ભાગીદારીનો રેકોર્ડ તોડી નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

### રાજ્યસભામાં જેડીયુના નેતાપદેથી શરદ યાદવને હટાવાયા

બિહારમાં જેડીયુએ ભાજપ સાથે મળીને સરકાર બનાવતા જ બળવાખોર બની રહેલા શરદ યાદવની પાંખો કાપવાની શરૂઆત થઈ ગઈ છે. જેડીયુના પ્રતિનિધિમંડળે ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુને મળીને શરદ યાદવને રાજ્યસભામાં પક્ષના સંસંદીય દળના નેતાપદેથી દૂર કરવા પત્ર સોંપ્યો હતો.

### ચોટલીકાંડ મામલે સીઆઈડી તપાસ કરશે

ગુજરાતમાં વિવિધ સ્થળોએ મહિલાઓની ચોટલી કપાવાના મામલે રાજ્યના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે તંત્ર આ મામલાને ગંભીરતાથી લઈ રહી છે. આ સમગ્ર મામલાની સીઆઈડી દ્વારા તપાસ કરવામાં આવશે.

# ગોરખપુર કાંડથી દેશ હચમચ્યો



**બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૬૩ બાળકોના મોત સામે દેશભરમાં ભારે આક્રોશ : ઓક્સિજનની કમીના કારણે મોત થયા નથી : સિદ્ધાર્થનાથ સિંહ બીઆરડી કોલેજના પ્રિન્સિપલને સસ્પેન્ડ કરાયા**

ગોરખપુર,તા. ૧૨

ઉત્તરપ્રદેશના બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૬૩ બાળકોના મોત થયા બાદ સમગ્ર દેશ હચમચી ઉઠ્યું છે. ઉત્તર પ્રદેશ સરકાર અને કેન્દ્ર સરકાર પણ હચમચી ઉઠી છે. યોગી આદિત્યનાથ સરકારે એકાએક સક્રિય થઈને આક્રમક પગલા લેવાની શરૂઆત કરી દીધી છે. બીઆરડી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા બાદ ઉત્તરપ્રદેશના આરોગ્યમંત્રી સિદ્ધાર્થનાથ સિંહે આજે આ સમગ્ર ઘટના અંગે પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, કેટલાક કલાકો માટે ઓક્સિજનના પુરવઠાને ચોક્કસપણે અસર થઈ હતી પરંતુ મોતનું કારણ ગેસ પુરવઠો ખોરવાઈ જવાનો નથી. જો કે, તેમણે કહ્યું હતું કે, સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ કોલેજના પ્રિન્સિપલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. યોગી સરકારે કહ્યું છે કે, ઓક્સિજનની કમીના કારણે બાળકોના મોત થયા નથી. મંત્રીએ કહ્યું હતું કે, દોષિતોની સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે. પત્રકાર પરિષદમાં સિદ્ધાર્થનાથ સિંહે કહ્યું હતું કે, ઓગસ્ટના મહિનામાં બાળકોના મોત થતા રહ્યા છે. ઓગસ્ટ ૨૦૧૪માં ૫૬૭ બાળકોના મોત થયા હતા. અમે બાળકોના મોતને ઓછું મહત્વ આપી રહ્યા નથી. મેડિકલ કોલેજમાં બાળકોને છેલ્લા સ્ટેજમાં લાવવામાં આવે છે. ગેસનો પુરવઠો ચોક્કસપણે ૧૧.૩૦થી લઈને ૧.૩૦ વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

## ગેસ સપ્લાય ખોરવવા મામલે પણ સરકારની ઉંડી તપાસ

**૧૧મીના દિવસે જ પેમેન્ટ મળ્યું હોવાનો ડીલરોનો દાવો સમિતિની રચના : દોષિતો સામે તપાસ બાદ પગલાઓ**

ગોરખપુર,તા. ૧૨

યોગી આદિત્યનાથ સરકારની સાથે સાથે કેન્દ્રમાં મોદી સરકાર પણ ગોરખપુરમાં મોટી સંખ્યામાં બાળકોના મોતના કારણે હચમચી ઉઠી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું છે કે, તેઓ ગોરખપુરની ઘટના ઉપર પોતે નજર રાખી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, કેન્દ્ર અને ઉત્તર પ્રદેશ સરકાર સાથે નિયમિતરીતે સંપર્કમાં છે. કેન્દ્રીય આરોગ્ય રાજયમંત્રી અનુપ્રિયા પટેલ અને કેન્દ્રીય આરોગ્ય સચિવને ગોરખપુર પર નજરરાખવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ વર્તમાન ઉત્તર પ્રદેશના મેડિકલ એજ્યુકેશન પ્રધાન

● અનુસંધાન પાન-૭ પર

## ઓક્સિજન સપ્લાયરને ત્યાં દરોડા

**કંપનીના માલિક ફરાર : ઉંડી શોધખોળનો દોર : ૬૩ લાખથી વધુની ચુકવણી બાકી હોવાથી પુષ્પા સેલ્સ પ્રાઈવેટ લિમિટેડે ઓક્સિજનના સપ્લાયની ના પાડી હતી**

ગોરખપુર,તા. ૧૨

બીઆરડી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ઓક્સિજન સપ્લાય કરનાર કંપની પુષ્પા સેલ્સ પ્રાઈવેટ લિમિટેડ પર પોલીસે આજે જોરદાર દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. કંપનીના માલિક મનિષ ભંડારીના અનેક સ્થળો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગોરખપુરની હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકોના મોત બાદથી મનિષ ભંડારી ફરાર થઈ ગયા છે. પોલીસના મોટા અધિકારીઓના દબાણના કારણે ભંડારી સામે આવી રહ્યા નથી. મળેલી માહિતી મુજબ દરોડાની કાર્યવાહી શુક્રવારે મોડી રાત્રે જ શરૂ થઈ ચુકી હતી. અલબત્ત કંપની તરફથી દાવો કરવામાં આવ્યો છે કે, ઓક્સિજનનો પુરવઠો રોકવામાં આવ્યા બાદથી અથવા તો આ કારણથી બાળકોના મોત થયા નથી. પોલીસના વર્તનથી કંપનીના માલિક મનિષ ભંડારી ભયભીત થયેલા છે. તેમના સગા-સંબંધીઓના આવાસ ઉપર પણ વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પીડિત પરિવારોને ૨૦-૨૦ લાખની સહાય આપવા માંગ

**અખિલેશ યાદવ દ્વારા માંગણી કરાઈ**

ગોરખપુર, તા. ૧૨

ગોરખપુરની બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૬૩થી વધુ બાળકોના મોત બાદ આને લઈને યોગી આદિત્યનાથ સરકાર ઉપર વિરોધ પક્ષો તરફથી પણ આકરા પ્રહારો શરૂ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના લોકો જોરદારરીતે સક્રિય થઈ ગયા છે. કોંગ્રેસે આ સમગ્ર ઘટના પર રાજ્ય સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું છે કે, આ દુખદ ઘટના માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે. પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે પણ સરકારની જોરદાર ઝાટકણી કાઢી છે. અને આ મામલામાં પીડિત પરિવારોન ૨૦-૨૦ લાખ રૂપિયા આપવાની માંગણી કરી છે. સહાયતા તરત જ ચુકવવાની માંગણી કરવામાં આવી છે.

## ઈજિપ્તમાં બે ટ્રેનો ટકરાતા ૪૨ના મોત, અનેક ઘાયલ

કેરો,તા. ૧૨

ઈજિપ્તમાં દરિયાકાઠાના શહેર અલિગજેન્ડ્રિયામાં બે યાત્રી ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર થતા ઓછામાં ઓછા ૪૨ પ્રવાસીઓના મોત થયા છે અને સેંકડો લોકો ઘાયલ થયા છે જે પૈકી કેટલાક યાત્રીઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો હજુ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ એક ટ્રેન ઈજિપ્તના પાટનગર કેરો તરફ જઈ રહી હતી. બીજી ટ્રેન પોર્ટ સૈદ તરફ જઈ રહી હતી. ખુર્શીદ નામના વિસ્તારમાં બન્ને ટ્રેન વચ્ચે ટક્કર થઈ હતી.

## કુખ્યાત આતંકવાદી જાકીર મુસા થાપ આપીને ફરાર

**પથ્થરબાજોની મદદથી ફરાર થવામાં સફળ**

નવી દિલ્હી,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં અનેક વર્ષોથી સક્રિય અને અનેક હુમલામાં સામેલ ત્રાસવાદી સંગઠન હિજબુલ મુજાહિદીનના પૂર્વ કમાન્ડર જાકીર મુસાને પકડી પાડવામાં સુરક્ષા દળોને સફળતા મળી નથી. મુસા સુરક્ષા દળોને થાપ આપીને ફરાર થવામાં સફળ રહ્યો છે. સ્થાનિક પથ્થરબાજોની મદદથી તે ફરાર થઈ ગયો હતો. સુરક્ષા દળોને તેના અંગે પાકી બાતમી મળી હતી. સુરક્ષા દળોને માહિતી મળી હતી કે તે ત્રાલાના નુરપુરાના પોતાના પૈતૃક વિસ્તારમાં ક મકાનમાં છુપાયેલો છે. મુસાની સાથે તેનો સાગરિત પણ છે તેવી બાતમી મળ્યા બાદ તરત જ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જ્યારે સુરક્ષા દળના જવાનો પહોંચ્યા અને ઓપરેશન હાથ ધર્યુ ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

## જેડીયુ એનડીએમાં સામેલ થશે

**નીતિશકુમારને એનડીએમાં સામેલ થવા આમંત્રણ : ૧૯મી એજેડીયુની પટણા ખાતે રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળશે : મોદી કેબિનેટમાં જોડાઈ જશે**

નવીદિલ્હી,તા. ૧૨

ભાજપ પ્રમુખ અમિત શાહે પણ નીતિશકુમારને એનડીએમાં સામેલ થવા માટે ખુલ્લુ આમંત્રણ આપ્યું છે. અમિત શાહે આજે ટ્વિટર ઉપર આ અંગેની માહિતી આપી હતી. તેઓએ કહ્યું હતું કે, ગઈકાલે જેડીયુના પ્રમુખને તેઓ મળ્યા હતા અને એનડીએમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું હતું. બિહાર સ્થિત પાર્ટી રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં આને મંજુરી આપે તેવી શક્યતા છે. ૧૯મી ઓગસ્ટના દિવસે પટણામાં જેડીયુની રાષ્ટ્રીય કારોબારીની બેઠક મળનાર છે જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં એનડીએમાં સામેલ થવાને મંજુરી આપવામાં આવે તેવી શક્યતા છે. ૧૯મી ઓગસ્ટની બેઠક બાદ



જેડીયુ નરેન્દ્ર મોદી કેબિનેટમાં સામેલ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પાર્ટી મોદી કેબિનેટમાં સામેલ થશે કે કેમ તે અંગે પુછવામાં આવતા જેડીયુના એક નેતાએ કહ્યું છે કે, આવો નિર્ણય સ્વાભાવિકરીતે હોઈ શકે છે.




માહિતી/૧૧૬૩/૧૭-૧૮







